# **આંક ૧ લગત હુકમ**

(૧) આ કામે હાલની દરખાસ્ત દરખાસ્તદાર ધ્વારા આ કામના હુકમનામાના દેણદાર પાસેથી હુકમનામા મુજબની રકમ વસુલ કરવા માટે દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવતા આ કામના હુકમનામાનાં દેણદારને જરૂરી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી જે તેઓને ધોરણસર બજી જવા છતા આ કામના હુકમનામાના દેણદાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી.

(૩) સદર કામે સીવીલ પ્રોસીઝર કોડની જોગવાઈઓ મુજબ અનુસરવામાં આવેલી ઉત્તરોત્તરની કાર્યવાહીને અંતે આ કામના હુકમનામાના દેણદાર સામે જપ્તી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ. સદરહુ જપ્તી વોરંટ અનુસંધાને બજવણી અધિકારી શ્રી ધ્વારા શેરો કરવામાં આવેલ છે કે સદરહું હુકમનામાના દેણદાર સામે વોરંટની અમલવારી કરવા માટે દરખાસ્તદાર હાજર રહેલ નથી. ત્યારબાદ આજરોજ પણ દરખાસ્તદાર કે તેના પ્રતિનિધિ હાજર નથી કે કોઈ રજુઆત નથી. હાલની દરખાસ્ત ૨૦૨૫ ના વર્ષમાં દાખલ કરવામાં આવેલી છે. દરખાસ્ત દાખલ થયા બાદ લાંબો સમય વિતી ગયેલ છે. તેમ છતા દરખાસ્તદારની કાયદાની જોગવાઈ મુજબ પગલા નહી ભરવાની બેદરકારીને કારણે તથા હાજર ન રહેવાના કારણે સદરહુ દરખાસ્ત આગળ ચાલી શકે તેમ નથી.

(૪) લાંબા સમયગાળાથી હાલની દરખાસ્ત કાયદા મુજબની કાર્યવાહી વગર યથાવત સ્થિતીમાં પડી રહેલ છે અને દરખાસ્તદાર હાજર રહેલ નથી. તેવા સંજોગોમાં દરખાસ્તદારને હાલની દરખાસ્ત આગળ ચલાવાવામાં કોઈ રસ ન હોવાનું જણાય આવે છે. તેવા સંજોગોમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાઉં છુ.

**<u>હુકમ</u>**

(૧) દરખાસ્તદારની કાયદા મુજબ કરવાની થતી કાર્યવાહી ન કરવામાં આવેલ હોવાથી તથા દરખાસ્તદાર હાજર ન રહેવાના કારણે દરખાસ્તદારની કસુરને કારણે ન્યાયના હિતમાં ડીસમીસ કરવામાં આવેલ છે.

(૨) દરખાસ્તના ખાસ સંજોગો ઘ્યાને લેતા પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો આદેશ કરવામાં આવે છે.

આજરોજ તા. ૨૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬ ( મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
જામનગર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જામનગર
કોડ નં. જી. જે. ૦૦૮૫૯